પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97
વર્ષઃ૨૪, અંકઃ૬૭, કુલ પાનાઃ૪, તારીખઃ ૦૭-૧૧-૨૦૨૦ શનિવાર, કિંમત રૂા.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 67 PRICE :-RS. 1.50 DATE : 07-11-2020
EDITOR, PRINTER PUBLISHER & OWNER : AJAY KANTILAL PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
Whatsapp No.9712880678
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## લદાખમાં ચીન સાથે તણાવ પર બોલ્યા CDS રાવત, કહ્યું- LOC પર ઢીલ નહીં રખાય

ન્યુ દિલ્હી,

લદાખમાં ભારત-ચીન વચ્ચે છેલ્લા ૭ મહિનાથી ચાલી રહેલા તણાવને ઓછો કરવા માટે આજે ચુશુલમાં કોર કમાન્ડર સ્તરની ૮મી બેઠક ચાલુ છે. આ બધા વચ્ચે ભારતે ચીનને આકરી ચેતવણી આપતા કહ્યું છે કે તે એલએસી પર કોઈ પણ પ્રકારની છેડછાડ સહન નહીં કરે. જો ચીને કોઈ પણ ચાલાકી કરવાની કોશિશ કરી તો ભારત પોતાની જમીનની રક્ષા માટે ગમે તે પગલું ભરવામાં સંકોચ નહીં કરે. સીડીએસ જનરલ




બિપિન રાવતે કહ્યું કે એલએસી પર તણાવ સતત યથાવત છે. બંને દેશોની સેનાઓ તણાવ ઘટાડવા માટે લગાતાર વાતચીત કરી રહી છે. અમને ડિફેન્સ ડિપ્લોમસીનું મહત્વ ખબર છે. આથી અમે મિલેટ્રી ડિપ્લોમસી સારી રીતે કરી છે. તેમણે કહ્યું કે ચીનને ભારતના જવાબનો અંદાજો નથી.

જો ચીનની સેનાએ લદાખમાં કોઈ પણ પ્રકારનું દુસ્સાહસ કરવાની કોશિશ કરી તો તેને ભારતીય સેના જડબાતોડ જવાબ આપવામાં પાછળ નહીં હટે. જનરલ બિપિન રાવતે સ્પષ્ટપણે કહ્યું કે એલએસી પર કોઈ પણ પ્રકારના ફેરફાર મંજૂર નથી. ચીનની સેનાએ ૫ એપ્રિલ પહેલાની પોઝિશન પર પાછા જવું જ પડશે. એનાથી ઓછું કશું જ મંજૂર નથી. તેમણે કહ્યું કે હાલાત પર અમારી બાજ નજર છે. દેશની સેનાઓને ઘાતક બનાવવા માટે તેમના જોઈન્ટનેસનું કામ સતત ચાલુ છે. તેમનો વિભાગ દેશની પહેલી Martime Theatre Command અને એર ડીફેન્સ કમાંડ બનાવવાની દિશામાં સતત આગળ આગળ વધી રહ્યો છે. તેમણે કહ્યું કે ભવિષ્યમાં દેશે એક યુદ્ધ સોશિયલ મીડિયા ઉપર પણ લડવું પડશે. આ એક મનોવૈજ્ઞાનિક યુદ્ધ હશે જેમાં બીજા દેશ પર મનોવૈજ્ઞાનિક રીતે હુમલો કરવાની કોશિશ હશે.

આ યુદ્ધની કેટલીક ઝલક આપણે હાલના દિવસોમાં જોઈ રહ્યા છીએ. તેમણે કહ્યું કે આવનારા વર્ષોમાં આપણી ડિફન્સ ઈન્ડસ્ટ્રી મજબૂત થશે. તેનાથી દેશની રક્ષા શક્તિ ખુબ મજબૂત થશે અને સેનાઓને પણ અત્યાધુનિક હથિયારો સતત મળતા રહેશે. નેશનલ ડિફેન્સ કોલેજના વેબિનારને સંબોધન કરતા જનરલ રાવતે કહ્યું કે છેલ્લા ૩૦ વર્ષમાં પાકિસ્તાન આર્મી અને ISIએ સતત જમ્મુ કાશ્મીરમાં આતંક ફેલાવી રાખ્યો છે. આ એક એવો પડોશી છે જેને ક્યારેય સુધારી શકાશે નહીં. તેમણે કહ્યું કે છેલ્લા ત્રણ દાયકાથી પાકિસ્તાન ઈસ્લામિક કટ્ટરપંથી અને ધાર્મિક આતંકવાદનું મુખ્ય કેન્દ્ર બનેલું છે. તે આ આતંકવાદને ભારત વિરુદ્ધ હથિયાર તરીકે ઉપયોગમાં લે છે. સરહદ પર પાકિસ્તાની સેના સીઝફાયરનો ભંગ કરીને આતંકીઓને કાશ્મીરમાં ઘૂસણખોરી કરવા માટે મદદ કરે છે. ત્રણ દાયકાઓમાં પાકિસ્તાને આતંકવાદને વધુ પ્રોત્સાહિત કર્યું છે.

### સરકારી કર્મચારીઓને સરકારની દિવાળી ભેટ

## રાજ્યના ૯.૬૧ લાખથી વધુ કર્મચારીઓ-પેન્શનરોને મળશે મોંઘવારી ભથ્થુ

ગાંધીનગર,

રાજ્ય સરકાર દ્વારા રાજ્યના કર્મચારીઓ માટે દિવાળી પહેલા મહત્વની જાહેરાત કરી છે. રાજ્યના ૯ લાખ ૬૧ હજારથી વધુ કર્મચારીઓ-પેન્શનરોને ૩ મહિનાનું મોંઘવારી ભથ્થુ ચૂકવવામાં આવશે તેવી જાહેરાત નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે કરી છે. વર્ગ ૪ના ૩૦ હજાર કર્મચારીઓને રૂ. ૩૫૦૦ લેખે મોંઘવારી ભથ્થું ચૂકવાશે.



કર્મચારીઓને મોંઘવારી ભથ્થા ચૂકવાતા રાજ્યની તિજોરી પર રૂ ૪૬૪ કરોડનો બોજ પડશે. નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે જણાવ્યુ છે કે, રાજ્ય સરકારના નવ લાખથી વધુ અધિકારીઓ/કર્મચારીઓ અને પેન્શનરોને ૧ જુલાઈ ૨૦૧૯થી ૫% મોંઘવારી ભથ્થું આપવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો હતો. આ મોંઘવારી ભથ્થુ જાન્યુઆરી-૨૦૨૦થી દર માસે પગાર સાથે ચુકવવામાં આવે છે. ૧ જુલાઈ ૨૦૧૯થી ૩૧ ડિસેમ્બર ૨૦૧૯ સુધી એમ કુલ-૬ માસના મોંઘવારી ભથ્થાના તફાવતની રકમ રાજ્યના કર્મચારીઓ તથા પેન્શનરોને ચુકવવાની થતી હતી. મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી સાથે પરામર્શ કર્યા બાદ અધિકારી/કર્મચારીઓ/પેન્શનરો દિવાળીના તહેવારો સારી રીતે ઉજવી શકે તે હેતુસર રાજ્ય સરકાર દ્વારા આ બાકી મોંઘવારી ભથ્થાના તફાવતની રકમ સાતમાં અને છઠ્ઠા પગારપંચનો લાભ મેળવતાં રાજ્ય સરકારના તથા પંચાયતના તથા અન્ય ગ્રાન્ટેબલ સંસ્થાઓના અધિકારીઓ/કર્મચારીઓ/પેન્શનરોને અત્યારે દિવાળીના તહેવારોને ધ્યાનમાં રાખી ત્રણ મહિનાના મોંઘવારી ભથ્થાના આ તફાવતની રકમ દિવાળીના તહેવાર પહેલા ચુકવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. જેને કારણે રાજ્ય સરકાર પર કુલ-૪૬૪ કરોડનો બોજો આવશે અને રાજ્ય સરકારના કુલ-૫ લાખ ૧૧ હજાર ૧૨૯ જેટલા કર્મચારીઓ તથા ૪ લાખ ૫૦ હજાર ૫૦૯ જેટલા પેન્શનરોને આનો લાભ મળશે. નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે જણાવ્યું હતું કે, આગામી સમયમાં આવી રહેલા દિવાળીના તહેવારોને ધ્યાને લઈને વર્ગ-૪ના કર્મચારીઓ ઉત્સાહપૂર્વક દિવાળી ઉજવી શકે તે માટે તેઓને બોનસ આપવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે. મુખ્યમંત્રી વિજય રૂપાણી સાથે ચર્ચા-વિચારણા કર્યા બાદ રાજ્ય સરકારે વર્ગ-૪ના કર્મચારીઓને રૂ. ૩૫૦૦ની મર્યાદામાં બોનસ આપીને દિવાળીની ભેટ આપી છે. આનો લાભ રાજ્ય સરકારના કર્મચારીઓ, પંચાયતના કર્મચારીઓ, યુનિવર્સિટી સાથે સંલગ્ન કોલેજોના કર્મચારીઓ, બિન-સરકારી શાળાઓ અને કોલેજોના કર્મચારીઓ તથા ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થાઓના વર્ગ-૪ના કુલ ૩૦,૯૬૦ કર્મચારીઓને લાભ મળશે. પટેલે કહ્યું હતું કે, રાજ્યમાં કોરોનાના કારણે સરકારની આવક ઘટી ગઈ છે. કોરોનાના કારણે અનેક કામો અટવાઈ ગયા હતા. એટલું જ નહીં રાજ્યના કર્મચારીઓને છેલ્લા ૬ મહિનાનું મોંઘવારી ભથ્થું પણ ચૂકવી શકાયું ન હતું. હવે દિવાળી પહેલા વર્ગ૪ના કર્મચારીઓને રૂ.૩૫૦૦ લેખે મોંઘવારી ભથ્થુ આપી દેવામાં આવશે. નિવૃત્ત કર્મચારીઓને પણ તેનો લાભ મળશે.

## દિવાળી પહેલા સિંગતેલ અને કપાસિયા તેલના ભાવમાં વધારો થતા ગૃહિણીઓનું બજેટ ખોરવાયુ

ગાંધીનગર,



તહેવાર ટાણે તેલના ભાવમાં ભડકો થયો છે. સિંગતેલ, કપાસિયા, પામતેલ સહિતના તેલના ભાવમાં વધારો થયો છે. બજારમાં ઘરાકી નીકળતા ભાવમાં વધારો થયો છે. સિંગતેલના ભાવમાં રૂ.૨૦નો વધારો થયો છે. સીંગતેલના ડબ્બાનો ભાવ રૂ.૨૨૬૦થી રૂ.૨૨૮૦ થયો છે. કપાસિયા તેલમાં ડબ્બે રૂ.૧૦નો ભાવ વધારો થયો છે.. કપાસિયા તેલના ડબ્બાનો ભાવ રૂ.૧૬૦૦થી રૂ.૧૬૩૦ થયો છે. જ્યારે પામતેલ રૂ.૧૫ના વધારા સાથે રૂ.૧૫૦૦એ પહોંચ્યું છે.. તહેવાર સમયે ભાવ વધારો આમ આદમીના બજેટને ખોરવી રહ્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, બે દિવસ પહેલા તહેવારો સમયે ગૃહિણીઓ માટે રાહતના સમાચાર આવ્યા હતા. સિંગતેલના ભાવમાં રૂપિયા ૩૦નો ઘટાડો કરવામાં આવ્યો હતો. ૧૫ કિલો ડબ્બાનો ભાવ ૨૨૦૦ રૂપિયા પહોંચ્યા હતા, ત્યારે હજુ સિંગતેલના ભાવ ઘટે તેવી ગૃહિણીઓ માંગ કરી રહી હતી. તેની વચ્ચે આજે સિંગતેલના ભાવમાં ઉછાળો નોંધાયો હતો. સિંગતેલ અને કપાસિયા તેલના ભાવમાં તેજી આવતા હવે શું ખાવું અને શું નહીં તેવી સ્થિતિનું નિર્માણ થયું છે.

સિંગતેલના ૧૫ કિલો ડબ્બાનો ભાવ ૨૨૪૦થી ઘટીને ૨૧૮૦થી ૨૨૧૦ થયો હતો. ગૃહિણીઓનું કહેવું હતું કે, તહેવારોમાં તમામ લોકોના ઘરમાં ફરસાણ બનતું હોય છે ત્યારે સિંગતેલના ભાવમાં ઘટાડો થતા ગૃહિણીઓએ રાહતનો શ્વાસ લીધો હતો. આગામી દિવસોમાં સિંગતેલના ભાવ ૧૮૦૦થી ૨૦૦૦ સુધી રહે તેવી ગૃહિણીઓ માંગ કરી રહી હતી. પરંતુ કોરોના કાળમાં તે શક્ય દેખાઈ રહ્યું નથી.

મનીષ એન્ટરપ્રાઈઝ દ્વારા રોજગારીની ઉત્તમ તક.....
ગૃહ ઉદ્યોગમાં રોકાણ કરીને ઘરે બેઠા ૧૫,૦૦૦ થી ૩૦,૦૦૦ સુધી કમાઓ.
મો.9737024962 / 7778024962

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

વી. જે. બારીઆ
મુ. ધારીયા, તા. હાલોલ

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

એ. આર. તડવી
મુ. પંડોળ, તા. હાલોલ

## અમેરિકામાં ૨૪ કલાકમાં ૧.૧૬ લાખ કેસ, "હું"એ કહ્યું- યુરોપમાં સ્થિતિ વધુ ખરાબ

વોશિંગ્ટન,

વિશ્વમાં કોરોના સંક્રમિતોનો આંકડો ૪.૯૦ કરોડથી વધુ થઈ ગયો છે. ૩ કરોડ ૪૯ લાખ ૭ હજાર ૧૨૦ દર્દી રિકવર થઈ ચૂક્યા છે. અત્યારસુધીમાં ૧૨.૩૮ લાખથી વધુ લોકોનાં મોત થઈ ચૂક્યાં છે. આ આંકડા www.worldometers.info/coronavirus મુજબના છે. અમેરિકામાં કોરોના વાઈરસનો કહેર ખૂબ જ ઝડપથી વધી રહ્યો છે. અહીં ૨૪ કલાકમાં એક લાખથી વધુ કેસ પ્રકાશમાં આવ્યા છે. યુરોપમાં તો સ્થિતિ વધુ ખરાબ થઈ રહી છે. એને લઈને "હું"એ વોર્નિંગ પણ આપી છે. અમેરિકામાં સંક્રમણની ગતિ ખૂબ જ ઝડપથી વધી રહી છે. ચૂંટણીની



અનિશ્ચિતતાને કારણે સંક્રમણના વધી રહેલા કેસ બાબતે વધુ ધ્યાન અપાઈ રહ્યું નથી. ધ ગાર્જિયનના જણાવ્યા મુજબ, ૮ દિવસમાં ત્રીજી વખત આંકડો એક લાખથી વધુ થયો છે. બુધવારે અહીં ૧ લાખ ૧૬ કેસ પ્રકાશમાં આવ્યા છે.

એના એક દિવસ પહેલાં જ મંગળવારે એક લાખ ૧૪ હજાર કેસ પ્રકાશમાં આવ્યા હતા. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન, એટલે કે "હું"ના જણાવ્યા મુજબ,

યુરોપમાં સ્થિતિ ઝડપથી બગડી રહી છે અને એ ખતરનાક સ્તરે પહોંચવા લાગી છે. ફ્રાન્સ, જર્મની, સ્પેન, બેલ્જિયમ અને ઈટાલીમાં કોરોનાની બીજી લહેર ઘાતક સાબિત થઈ રહી છે. ફ્રાન્સમાં દરેક દિવસે ૫૦ હજારથી વધુ કેસ પ્રકાશમાં આવી રહ્યા છે. આ સિવાય જર્મની અને બેલ્જિયમમાં ૩૦ હજારથી વધુ કેસ પ્રકાશમાં આવી રહ્યા છે. સરકારની સમસ્યા એ છે કે તે જ્યારે સખ્તાઈ કરે છે ત્યારે વિરોધ શરૂ થઈ જાય છે. સંગઠને યુરોપ પ્રભારી હેન્સ ક્લૂઝે કહ્યું- અમે અહીં કોરોના વિસ્ફોટ જોઈ રહ્યા છે. ૧૦ લાખથી વધુ કેસ ૨ દિવસમાં પ્રકાશમાં આવ્યા છે. આપણે ખૂબ જ ઈમાનદારીથી આ સ્થિતિનો સામનો કરવો પડશે.

ફ્રાન્સમાં લોકડાઉનની અસર થઈ નથી. બીજું લોકડાઉન લાગ્યું ને લગભગ એક સપ્તાહ વીતી ગયું છે, જોકે અત્યારસુધીમાં સંક્રમણના દરમાં કોઈ ઘટાડો આવ્યો નથી. બુધવારે પણ અહીં ૫૦ હજારથી વધુ કેસ પ્રકાશમાં આવ્યા છે. આ દરમિયાન એક હજાર લોકોને ગંભીર સ્થિતિમાં હોસ્પિટલમાં એડમિટ કરવામાં આવ્યા છે. બીજી તરફ લોકડાઉન છતાં કેસ વધ્યા બાદ અમેન્યુઅલ મેક્રોન સરકાર દબાણમાં છે. લોકોનું કહેવું છે કે લોકાડાઉન હટાવી લેવું જોઈએ, કારણ કે એની કોઈ અસર દેખાઈ રહી નથી. પ્રત્યેક દિવસે કેસો વધી રહ્યા છે. દેશમાં અત્યારસુધીમાં કુલ કેસ લગભગ ૧૫ લાખ થઈ ચૂક્યા છે.

## ટ્રમ્પને જોરદાર આંચકો: મિશિગન અને જ્યોર્જિયાની કોર્ટે ટ્રમ્પની અરજી ફગાવી દીધી



વૉશિંગ્ટન,

મતગણતરીમાં ડેમોક્રેટિક પક્ષ ગોટાળા અને ગેરરીતિ કરી રહ્યો હોવાની વર્તમાન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની અરજી મિશિગન અને જ્યોર્જિયાની કોર્ટે ફગાવી દેતાં ટ્રમ્પને જોરદાર આંચકો લાગ્યો હતો. ટ્રમ્પે મિશિગનમાં ફરીથી મતગણતરી કરવાની માગણી કરી હતી. મિશિગન કોર્ટ ઑફ ક્લેમ્સના જસ્ટિસ સિન્થિયા સ્ટીફન્સે ગુરુવારે ટ્રમ્પની અરજી ફગાવી દીધી હતી અને ટ્રમ્પને કહ્યું હતું કે મિશિગન સ્ટેટના સેક્રેટરી ઑફ સ્ટેટ મતગણતરીમાં હાજર નહોતા. આ અંગેનો કોર્ટનો ઔપચારિક ચુકાદો આજે શુક્રવારે બહાર પડવાનો હતો. દરમિયાન મિશિગનના મિડિયાએ જો બાઇડનને પ્રમુખપદની ચૂંટણીમાં વિજેતા જાહેર કરી દીધા હતા. જ્યોર્જિયાની કોર્ટના જસ્ટિસ જેમ્સ એફ બાસે પણ ટ્રમ્પની અરજી ફગાવી દીધી હતી. ટ્રમ્પના પ્રચાર અધિકારીઓએ વિસ્કોન્સીનમાં મતગણતરી ફરી કરાવવાની માગણી સાથે પેનસિલ્વેનિયા અને નેવાડાની કોર્ટમાં પણ કેસ દાખલ કર્યા હતા. અમેરિકામાં પ્રમુખપદની ચૂંટણી જીતવા માટે ૨૭૦ મતો જોઈએ. ગુરુવાર સાંજ સુધીમાં બાઈડન ૨૧૪ મતો મેળવી ચૂક્યા હતા. ટ્રમ્પને માત્ર ૨૧૪ મતો મળ્યા હતા. આમ છતાં ટ્રમ્પ પોતાનો પરાજય સ્વીકારવા તૈયાર નહોતા.

## હવે વોટ્સએપ દ્વારા કરી શકાશે પૈસાની લેવડ દેવડ, UPI સેવાની મળી મંજૂરી

ન્યુ દિલ્હી,

ઈન્સ્ટન્ટ મેસેજિંગ એપ વૉટ્સએપ યૂઝર્સ હવે ભારતમાં ક્યાંય પણ એપ પરથી પૈસાની લેવડ દેવડ કરી શકશે. વોટ્સએપના માધ્યમથી અન્ય વૉટ્સએપ યૂઝર્સને યૂપીઆઈ આઈડી દ્વારા પૈસા મોકલી શકાશે. હકિકતમાં નેશનલ પેમેન્ટ્સ કૉર્પોરેશન ઑફ ઈન્ડિયાએ દ્વારા આ સેવા શરૂ કરવાની મંજૂરી આપી દીધી છે. વોટ્સએપનું ભારતમાં બે વર્ષથી ટેસ્ટિંગ ચાલી રહ્યું છે. પેમેન્ટ મેથડમાં કેટલીક સમસ્યાઓ આવી રહી હતી એના કારણે આ સેવા લૉન્ચ નહોતી થઈ રહી. આ સર્વિસ યુપીઆઈ આધારીત છે.

જેવી રીતે પેટીએમ, ફોન પે કે ગૂગલ પે કામ કરે છે તેવી રીતે જ કામ કરશે. યુપીઆઈ સેવા વોટ્સએપ સાથે શરૂ થવાથી તમે વોટ્સએપમાંથી તમારાં મોબાઈલનું રિચાર્જ કરી શકશો, બીલ ભરી શકશો, રોકડ રકમ ટ્રાન્સફર કરી શકશો. શક્ય હશે ત્યા સુધી એના માધ્યમથી અન્ય એપની જેમ ખરીદી કરવાના ઓપ્શન પણ મળી શકશે. નેશનલ પેમેન્ટ્સ કૉર્પોરેશન ઑફ ઈન્ડિયાની વેબસાઈટ મુજબ હાલમાં રોજ એક ખાતામાંથી પ્રતિદિન ૧ લાખ રૂપિયા ટ્રાન્સફર કરી શકાય છે. એના માટે તમારે તમારી બેંકનો સંપર્ક કરવાનો રહેશે. એનપીસીઆઈએ યુપીઆઈના પ્રોસેસ્ડ ટ્રાન્જેક્શન વોલ્યૂમ પર ૩૦ ટકાની મર્યાદા મૂકી છે. આ નિયમ ૧ જાન્યુઆરીથી લાગુ થશે. એનપીસીઆઈએ એક પ્રેસ નોટમાં જણાવ્યું કે આ મર્યાદ મૂકવાનું કારણ રોજના ૨ અબજ ટ્રાન્ઝેક્શન થઈ રહ્યા હોવાના આંકડા અને ભવિષ્યનો ગ્રોથ છે. આ વ્યવસ્થાને જોખમ રહિત આગળ લઈ જવા માટે આ નિર્ણય કરવામાં આવ્યો છે.

## ભાજપે ૬૫૦ સભા સંબોધી, તેજસ્વીએ એકલે હાથે ૨૫૦થી વધુ સભાઓ સંબોધી



પટના,

બિહાર વિધાનસભાની ચૂંટણીના પ્રચારનો કોલાહલ ગુરુવારે સંપન્ન થયો હતો. આ વખતની પ્રચાર ઝુંબેશનાં લેખાંજોખાં માંડીએ તો સૌથી વધુ મહેનત રાજદના તેજસ્વી યાદવે કરી હતી પંરતુ સૌથી વધુ સભાઓ ૬૫૦ સભા ભાજપે સંબોધી હતી. વર્તમાન મુખ્ય પ્રધાન નીતિશ કુમારે ૧૧૩ સભા સંબોધી હતી. આ વખતની ચૂંટણીએ સારી એવી રસાકસી જમાવી હતી. મુખ્ય પ્રધાન બનવાના સપનાં સેવી રહેલા રાજદના તેજસ્વીએ એકલે હાથે ૨૫૦થી વધુ સભાઓ સંબોધી હતી. ભાજપે પોતાના ૨૯ ટોચના નેતાઓને પ્રચાર માટે ઊતાર્યા હતા.

ખુદ વડા પ્રધાન નરેન્દ્ર મોદી, સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંઘ અને પક્ષ પ્રમુખ જે પી નડ્ડા સહિત ટોચના નેતાઓ બિહારમાં ઊતરી પડ્યા હતા. એકલા નરેન્દ્ર મોદીએ ત્રણ તબક્કાના મતદાન માટે ૧૨થી વધુ સભા સંબોધી હતી. એ દ્રષ્ટિએ મોદી કોંગ્રેસના રાહુલ ગાંધી કરતાં આગળ રહ્યા હતા. રાહુલે માત્ર આઠ રેલી કરી હતી. લોજપના ચિરાગ પાસવાને સારું ગજું કાઢ્યું હતું. જો કે એના પિતા અને કેન્દ્રીય પ્રધાન રામ વિલાસ પાસવાનના મરણના કારણે એને સહાનુભૂતિના મત વધુ મળે એવી શક્યતા હતી.

ભાજપે ચિરાગને દૂધ અને દહીં બંનેમાં પગ રાખવા દીધો હતો. ચિરાગ એક તરફ પોતાને વડા પ્રધાન નરેન્દ્ર મોદીનો હનુમાન ગણાવ્યો હતો તો બીજી બાજુ એ નીતિશ કુમારનો સતત વિરોધ કરી રહ્યો હતો. રાજદના તેજસ્વી યાદવે પોતે સત્તા પર આવે તો દસ લાખ યુવાનોને નોકરી આપવાનું વચન આપ્યું. આ વચનની ઠેકડી કેન્દ્રના ગૃહ પ્રધાન અમિત શાહે કોલકાતામાં આપેલી મુલાકાતમાં ઊડાવી હતી. અમિત શાહે કહ્યું હતું કે તેજસ્વીને બિહારના બજેટનું ભાન નથી એટલે આવું વચન આપ્યું. દસ લાખ યુવાનોને નોકરી આપી શકે એટલું મોટું બિહારનું બજેટ નથી.

**મહિસાગર આવૃત્તિ**
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
**પંચમહાલ સમાચાર**

## મહીસાગર જિલ્લામાં આજે ૦૫ પોઝિટિવ કેસ :
# જિલ્લામાં કોરોનાના કુલ ૧૩૧૦ પોઝીટીવ કેસ નોંધાયા



લુણાવાડા,
કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માદયમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.

મહીસાગર જિલ્લામાં આજે લુણાવાડા તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૩ પુરૂષ, વિરપુર તાલુકાની ૦૧ પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આમ, જિલ્લામાં કોરોના (COVID 19)ના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૦૫-૧૧-૨૦૨૦ના સાંજના ૫-૦૦ વાગ્યા સુધીમાં ૧૩૧૦ કેસ પોઝીટીવ નોધાયા છે.

આજે જિલ્લીમાં સારવાર લઈ રહેલ દર્દીઓ પૈકી લુણાવાડા તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૨ પુરૂષે કોરોનાને મહાત આપતાં રજા આપવામાં આવતાં સ્વગૃહે પરત ફર્યા છે.

આમ, જિલ્લ્ામાં અત્યાર સુધીમાં કુલ ૧૨૨૭ દર્દીઓ સ્વસ્થ થઇને સ્વગૃહે પરત ફર્યા છે. જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૮ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૩૪ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૪૨ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનફલુ/ કોરોનાના કુલ ૭૩૪૨૫ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૧૯૮ વ્યક્તિઓને હોમ ક્વોરોન્ટાઈલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૦૧ દર્દી કે. એસ. પી હોસ્પિટલ બાલાસિનોર, ૦૭ દર્દી ડીસ્ટ્રીટકટ હોસ્પિરટલ, લુણાવાડા, ૨૪ દર્દી હોમ આઈસોલેશન, ૦૭ દર્દી લુણાવાડા શિતલ નર્સિંગ કોલેજ (CCC) અને ૦૨ દર્દી અન્ય જિલ્લા ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૩૮ દર્દીઓ સ્ટેબલ, ૦૩ દર્દીઓ ઓક્સિજન પર છે.

## સુજલામ સુફલામ સ્પ્રેડીંગ કેનાલથી અંડરગ્રાઉન્ડ પાઈપલાઈન દ્વારા બાલાસિનોર તાલુકામાં ઝરમરનદીને જોડાણ કરવાની કામગીરીનો શુભારંભ


તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

લુણાવાડા,
બાલાસિનોર તાલુકાના ભાંથલાથી પસાર થતી સુજલામ સુફલામ સ્પ્રેડીંગ કેનાલથી અંડરગ્રાઉન્ડ પાઈપલાઈન દ્વારા બાલાસિનોર તાલુકામાં ઝરમરનદીને જોડાણ કરવાની રૂા.૭.૮૭ કરોડની મંજુર થયેલ યોજનાની કામગીરીનો પંચમહાલ સાંસદ રતનસિંહ રાઠોડ સહિત અગ્રણી મહાનુભાવોની ઉપસ્થિતિમાં ખાતમુહુર્ત કરી શુભારંભ કરવામાં આવ્યો હતો.

સુજલામ સુફલામ સ્પ્રેડીંગ કેનાલથી અંડરગ્રાઉન્ડ પાઈપલાઈન દ્વારા બાલાસિનોર તાલુકામાં ઝરમરનદીને જોડાણ કરવાની આ યોજના પુર્ણ થશે ત્યારે કેનાલથી અંડરગ્રાઉડ પાઈપલાઈન દ્વારા ૫૦ ક્યુસેક પાણી છોડી નદીનાળા કોતર ઝરમર નદીના હયાત ૨૭ ચેકડેમ જીવંત થશે. ઉપરાંત આસપાસના ૫૩ બોર, ૪૧ કુવા રીચાર્જ થતા ભુગર્ભ જળ ઉચા આવવાથી સિંચાઈથી વંચીત વિસ્તારના ખેડૂતોને અંદાજીત ૬૦૦ હેક્ટર વિસ્તારમાં સિંચાઈની સુવિધા ઉપલબ્ધ થશે. પશુપાલન માટે તેમજ પીવાના પાણીના પ્રશ્નો મહદ અંશે હલ થશે.

આ પ્રસંગે બાલાસિનોર ધારાસભ્ય અજીતસિંહ ચૌહાણ પુર્વ ધારાસભ્યઓ સર્વ માનસિંહ ચૌહાણ, રાજેશભાઈ પાઠક, સરપંચઓ અગ્રણીઓ અને ખેડૂતો મોટીસંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## વડોદરા કોર્પોરેશન સ્માર્ટ સિટી પ્રોજેક્ટ હેઠળ ૨૬ કરોડના ખર્ચે વોટર પમ્પીંગ સ્ટેશનો અપગ્રેડ કરશે

વડોદરા,
વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશને સ્માર્ટ સિટી પ્રોજેક્ટ હેઠળ રૂપિયા ૨૬ કરોડના ખર્ચે જુદા- જુદા પંપીંગ સ્ટેશનમાં સ્માર્ટ એનર્જી એફિશિયન્ટ અપગ્રેડેશન અને મોનીટરીંગની કામગીરી હાથ ધરી છે. આ કાર્ય કરવાથી વીજ બચત થશે અને ઓનલાઈન મોનિટરિંગ થઈ શકશે. પમ્પિંગ સ્ટેશનનો ઉપરાંત પાણી પુરવઠો પાડતા તમામ વોટર સોર્સ ઉપર પણ પંપીંગ મશીનરી અપગ્રેડ કરાશે. આ યોજના હેઠળ સૌપ્રથમ મહી નદી ખાતે આવેલા દોડકા કૂવાની જૂની બદલી નવી એચ ટી ઈલેક્ટ્રીક પેનલ ફીટ કરવાની કામગીરી તારીખ ૭ ના રોજ કરવામાં આવશે દોડકા કુવા ખાતેની ઈલેક્ટ્રીક પેનલો વર્ષો જૂની છે

અને મેઈન્ટેનન્સ માટે તેના પાર્ટ્સ પણ મળતા નથી. પેનલ બદલવાની કામગીરી ૧૬ કલાક ચાલશે જેના લીધે પાણીના પંપો બંધ રાખવા પડશે. જોકે પાણી પુરવઠો બંધ નહીં રખાય પરંતુ આશરે પાંચ લાખ લોકોને પાણી લો પ્રેસરથી મળશે. દોડકા કૂવાથી પાણી મેળવતી ન્યુ સમા ટાંકી, નોર્થ હરણી ટાંકી, કારેલીબાગ, સયાજી બાગ, જેલરોડ, લાલબાગ, માંજલપુર, આજવા રોડ અને પાણી ગેટ એમ નવ ટાંકી તેમજ એરપોર્ટ બુસ્ટર,

ખોડીયાર નગર અને વારસીયા બુસ્ટરને અસર થશે. અહીંથી પાણી મેળવતા વિસ્તારોને તારીખ ૭ ની સાંજે અને તારીખ ૮ ની સવારે પાણી લો પ્રેસરથી મળશે. દિવાળી બાદ મહી નદી ખાતેના રાયકા કુવાની પેનલ બદલવાનું કામ હાથ પર લેવાશે. તાજેતરમાં આજવા ટાંકી અને વારસિયા બુસ્ટર ખાતે પેનલ બદલવાની કામગીરી કરાઈ હતી.

## ગોધરા પરવડી પાસે કચલધારા થી વડોદરા જતી બસમાંથી દારૂ સાથે એક ઈસમ ઝડપ્યો



ગોધરા,
ગોધરા એલ.સી.બી. પોલીસે પરવડી ચોકડી પાસે એસ.ટી.બસને રોકાવી મીણીયા થેલામાં લઈ જવાતા બોટલ નંગ-૨૬૦ કિંમત ૨૬,૫૮૦/-રૂપીયાના જથ્થા સાથે એક ઈસમને ઝડપી પાડવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા એલ.સી.બી. પોલીસને બાતમી મળી હતી કે, કચલાધારા થી વડોદરા જતી એક્સપ્રેસ બસ નંબર જીજે.૧૮.ઝેડ.૫૫જ૯માં પાછળની સીટ ઉપર બેઠેલ ઈસમ પાસે ઘંઉના ભુસામાં સંતાડી દારૂનો જથ્થો વડોદરા લઈજનાર છે. તેવી બાતમીના આધારે ગોધરા એલ.સી.બી. પોલીસે પરવડી ચોકડી પાસે બસ રોકીને ચેકીગ હાથ ધરવામાં આવ્યું. બસ માંથી મોસીહભાઈ પીથાભાઈ દાહમા રહે. સાતરોટા તા.મેઘનગર, ઝાબુઆને ઝડપી પાડ્યો હતો. તેના કબ્જાની ત્રણ મીણીયા થેલામા ભરેલા ઈંગ્લીશ દારૂના ક્વાટરીયા તથા બીયર ટીન મળી કુલ બોટલ નંગ ૨૬૦ કિંમત ૨૬,૫૮૦/-રૂપીયાનો મુદ્દામલ કબજે લેવામાં આવ્યો. આ બાબતે ગોધરા તાલુકા પોલસી મથકે પ્રોહિબીશન એક્ટ હેઠળ ફરિયાદ નોંધાવા પામી છે.

## શહેરાના અણીયાદ ચોકડી થી બસ સ્ટેશન સુધી પાનમની લાઈન લીકેજ થતાં પાણીનો વેડફાટ


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,
શહેરા નગરમાં ગોધરા તરફ જવાના હાઈવે માર્ગ ઉપર અણીયાદ ચોકડીથી બસ સ્ટેશન સુધીમાં અનેક જગ્યાએ પાનમની પીવાના પાણીની લીકેજના કારણે પાણીનો વેડફાટ થઈ રહયો છે. હાઈવે માર્ગ ઉપર પાણી ભરેલા ખાડાના કારણે અકસ્માતનો ભય વાહન ચાલકોને સતાવી રહયો છે. ટોલ ટેક્ષ વસૂલતી એલ એન્ડ ટી કંપની આ બાબતે ગંભીરતા નહી લેતો કોઈ મોટી દુર્ઘટના અહીં બને તો નવાઈ નહી.

શહેરામાં પસાર થતા હાઈવે માર્ગ ઉપર અણીયાદ ચોકડી થી બસ સ્ટેશન સુધીમાં અનેક જગ્યાએ પાનમની પીવાના પાણીની લાઈન લીકેજ હોવાથી પાણીનો વેડફાટ થવા સાથે અહીંથી પસાર થતા વાહનચાલકોને ભારે હાલકી વેઠવી પડી રહી છે. પાછલા કેટલાક મહિનાઓથી પીવાના પાણીની લાઈન લીકેજ હોવાના કારણે હાઈવે માર્ગ ને પણ નુકસાન પહોંચતુ હોય છે. પાણી પુરવઠા વિભાગ દ્વારા પાણીનો વેડફાટ થતો અટકાવવા માટે વિચારે તે હાલની પરિસ્થિતિને જોતા જરૂરી છે. અનેક જગ્યાએ પાણી ની લાઈન લીકેજ હોવા છતા પાણી પુરવઠા વિભાગ દ્વારા આ લીકેજ લાઈન ની મરામત યોગ્ય રીતે નહી કરવામાં આવતા ફરીથી પાણીની લાઈન લીકેજ થઈ જતી હોય છે. આ દિલ્હી બોમ્બે ને જોડતો મહત્વનો માર્ગ હોવાથી વાહનોની અવર જવર વધુ રહેતી હોવાના કારણે કોઈ મોટી દુર્ઘટના અહી બને તે પહેલા પાણી પુરવઠા વિભાગ તેમજ એલ એન્ડ ટી કંપની હાઈવે માર્ગ ઉપર પાણી ભરેલા ખાડા ને દૂર કરશે ખરાં? હાલમાં પણ હાઈવે માર્ગ ઉપર મસમોટા ખાડાઓ પડેલા હોવાના કારણે વાહનચાલકો અકસ્માતનો ભય સતાવી રહયો છે. સાથે આ પાણી ભરેલા ખાડા માં નાના મોટા વાહનો પટકાવા ના કારણે વાહનો ને પણ નુકશાન થતુ હોય છે. હવે જોવું જ રહ્યું કે ટોલ ટેક્ષ વસૂલતી એલ એન્ડ ટી કંપની અહીંથી પસાર થતાં વાહનચાલકોના હિત માટે વિચારશે ખરા ? કે પછી વાહન ચાલકો નો વિરોધ ઉઠશે પછી હાઈવે માર્ગની મરામત કરવામાં આવશે તેવું તો નથી.

## હાલોલના સુરબાર જતા રસ્તા પરથી પ્રતિબંધિત લાકડાનો જથ્થો જપ્ત કરતા શિવરાજપુર વનકર્મી

હાલોલ,
હાલોલ તાલુકાના શિવરાજપુર રેન્જના આર.એફ.ઓ. એફ.એ.ખત્રીની ટીમ તાલુકાના વેડ ગામ તરફ પેટ્રોલિંગ કરી રહી હતી ત્યારે વેડ ગામ તરફથી સુરબાર ગામ તરફ જતાં રસ્તામાં સુરબાર ગામેથી લાકડા ભરીને જતા બે ટાટા ટેમ્પોને અટકાવી તપાસ કરતા બંને ટેમ્પોમાંથી પ્રતિબંધિત મહુડાના ઝાડના લાકડાનો જથ્થો મળી આવતા ફોરેસ્ટ ટીમે લાકડાના જથ્થા વિશે ચાલકની પુછપરછ કરતા ઉપરોકત જથ્થો વેડ ગામે આવેલ એક ખેડુતના વેચાણ અર્થે રાખેલ સર્વે નંબરમાંથી કાપી લાવ્યા હોવાનુ કબુલાત અને જથ્થો મંગાવનાર વેપારી અને ટેમ્પો માલિક અંગે પુછપરછ હાથ ધરતા ટેમ્પો માલિક અને વેપારી ફારૂક યુસુફ બંગલી(રહે.વેજલપુર, તા.કાલોલ)હોવાનુ ખુલવા પામતા ફોરેસ્ટ વિભાગની ટીમે વગર પરવાનગી પ્રતિબંધિત મહુડાના ઝાડના લાકડા કાપી લઈ જવા સંબંધે બંને ટેમ્પો અને લાકડાનો જથ્થો જપ્ત કરી ગેરકાયદે મહુડાના ઝાડના લાકડા કાપવા અંતર્ગત ગુનો નોંધી કાયદાકિય કાર્યવાહી હાથ ધરી છે.

## ગોધરા તાલુકાના જુનીધરી ગામના મૃતકને જયોતિ વિમા યોજના અંતર્ગતની બે લાખની સહાય ચુકવાઈ

ગોધરા,
ગોધરા તાલુકાના જુનીધરી ગામે પ્રવિણ માછી અને ચંદ્રલિક માછી દ્વારા ૨૦૧૬થી એસ.બી.આઈ.ગ્રાહક સેવા કેન્દ્ર ચલાવવામાં આવે છે. જેમાં જુનીધરી ગામના અશોકભાઈ એમ.માછી અને સુમિત્રાબેન એસ.માછીએ ૨૦૧૭/૧૮માં પ્રધાનમંત્રી જનધન યોજનામાં ખાતુ ખોલાવ્યુ હતુ. અને પી.એમ.જીવન જયોતિ વિમા યોજનામાં ૩૩૦નો વિમો કરાવ્યો હતો. ચાલુ વર્ષે અશોકભાઈ અને સુમિત્રાબેનનુ અકાળે અવસાન થતાં એસ.બી.આઈ.બેંક દ્વારા તેમના વારસદારો આશિષભાઈ માછી અને હિતેશભાઈ માછીને બે લાખની સહાય પ્રધાનમંત્રી જીવન જયોતિ વિમા અંતર્ગત મેનેજર પ્રમોદ મિનાના હસ્તે ગામના ડે.સરપંચની હાજરીમાં ચેક આપવામાં આવ્યો હતો.

## ગોધરા સાતપુલ નજીક ઝાડીઓમાં કતલના ઈરાદે બાંધી રાખેલ ૬ ગૌવંશને પોલીસે બચાવ્યા

ગોધરા,
ગોધરા સાતપુલ બ્રીજ થી થોડે દુર નદીની ઘસમાં ઝાડીઓમાં કત્તલના ઈરાદે બાંધી ૬ પશુઓ કિંમત ૧,૧૦,૦૦૦/-રૂપીયાને બી ડીવીઝન પોલીસ દ્વારા બચાવી લેવામાં આવ્યા.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા સાતપુલ બ્રીજ થી થોડે દુર નદીના ઘસમાં ઝાડીઓમાં કત્તલના ઈરાદે પશુઓ બાંધી રાખવામાં આવ્યા છે. તેવી બાતમીના આધારે બી ડીવીઝન પોલીસે રેડ કરી હતી. રેડ દરમ્યાન ઘાસચારો કે પાણી વગર કુરતા પૂર્વક બાંધી રાખવામાં આવેલા ૬ નંગ ગૌવંશને બચાવી લેવામાં આવ્યા હતા. પોલસે બચાવી લીધેલ ગૌવંશને પરવડી પાંજરાપોળ ખાતે ખસેડવામાં આવ્યા હતા. આ બાબતે ગોધરા બી ડીવીઝન પોલીસ મથકે સ્થળ ઉપર નહિ મળી આવેલ તાહેરા ઈલ્યાસ ભોલ ઉર્ફે ભાણીબેનઅ ને આશી ખાલીદ પટેલ ઉર્ફે બોબડીયા વિરૂદ્ધ પશુઅત્યાચાર અંગેની ફરિયાદ નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૫૨,વીર સંવત-૨૫૫૬, ઈસ્લામીક સંવત-૨૫૫૫, તા.૦૭-૧૧-૨૦૨૦, શનિવાર, નિજ આસો વદ-૬, સૂર્યોદય-૬-૫૪, સૂર્યાસ્ત-૬-૦૭, જૈન નવકારશી-૭-૪૨, આજની રાશિ : કર્ક (ડ.હ.), નક્ષત્રઃ પુનર્વસુ

| | |
|---|---|
| સૂર્ય-કુંભ<br>ચંદ્ર-કર્ક<br>મંગળ-ધન<br>બુધ-કુંભ<br>ગુરૂ-ધન<br>શુક્ર-મેષ<br>શનિ-મકર<br>રાહુ-મિથુન<br>કેતુ-ધન<br>હર્ષલ-મેષ<br>નેપ્ચ્યુન-કુંભ<br>પ્લુટો-મકર | - શુભ ચોઘડીયા -<br>અભિજીત-૧૨-૦૮થી ૧૨-૫૩ સુધી, ૮-૧૯થી શુભ-૯-૪૩ સુધી, ૧૨-૩૦થી ચલ-લાભ-અમૃત-૧૬-૪૨ સુધી, ૧૮-૦૫ થી લાભ-૧૯-૪૨ સુધી, ૨૧-૧૮થી શુભ-અમૃત-ચલ-૨૬-૦૭ સુધી<br><br>- શુભ હોરા-<br>૭-૫૧ થી ૮-૪૭ સુધી, ૧૦-૩૯થી ૧૩-૨૬ સુધી, ૧૪-૨૨ થી ૧૫-૧૮ સુધી ૧૭-૦૯ થી ૨૦-૧૪ સુધી |

## સ્વદેશી કોરોના વેક્સીનઃ ફેબ્રુઆરી ૨૦૨૧ સુધી તૈયાર થવાની સંભાવના




ન્યુ દિલ્હી,
કોરોના મહામારીના એક જ ઈલાજ રુપે તેની વેક્સીન તૈયાર કરવામાં દુનિયાભરના દેશો પ્રયત્નશીલ છે, એવામાં ભારત દેશ પણ આ દિશામાં સતત આગળ વધી રહ્યું છે. ભારતમાં કોરોના વેક્સીન તૈયાર કરવા માટે કાર્યરત વિજ્ઞાનીઓનું માનવુ છે કે, ફેબ્રુઆરી ૨૦૨૧ સુધી દેશમાં કોરોના વેક્સીન તૈયાર થઈ જશે. આટલુ જ કોરોના વેક્સીન તૈયાર થતા ભારત તેના મિત્રો દેશોને પણ વેક્સીન પૂરુ પાડવા પર તૈયારી કરી રહ્યુ છે.

આ અંગે વધુ માહિતી આપતા વિદેશ સચિવ હર્ષ વી શ્રૃંગલાએ જણાવ્યું કે, ભારત સરકાર કેટલાક મિત્રો દેશો સાથે કોરોના વેક્સીનના ટ્રાયલની સંભાવના પર કાર્યરત છે. તેમણે જણાવ્યુંકે, કોરોના વેક્સીન માટે કેટલાક મિત્ર દેશો ભારતનો સંપર્ક સાધી રહ્યા છે. આ સંદર્ભે ભારત પણ કોલ્ડ ચેઈન અને ડિસ્ટ્રીબ્યુશન સિસ્ટમની ક્ષમતામા વધારો કરવા માટે ઈચ્છુક દેશોની મદદ કરશે.

તેમના મુજબ ફેબ્રુઆરી ૨૦૨૧માં દેશને કોરોના વેક્સીન મળી શકે છે, જે સંપૂર્ણ રીતે ભારતમાં જ તૈયાર થઈ હશે. કોરોના વેક્સીન વિકસાવવામાં ભારતની ઝડપ સમગ્ર વિશ્વ માટે મોટી સફળતા સમાન હશે. ભારતીય વિજ્ઞાનીઓનું પણ કહેવુ હતું કે કોરોના વેક્સીનનું ફાઈનલ ટેસ્ટિંગ આ મહિનામાં શરુ કરવામાં આવશે. તેમના મુજબ કોરોના સંક્રમણ સામે તૈયાર આ સ્વદેશી વેક્સીન સંપૂર્ણ રીતે સુરક્ષિત અને અસરકારક નીવડશે.

# દેશમાં ૨૪ કલાકમાં ૪૭,૬૩૮ નવા કેસ નોંધાયા, ૬૭૦ દર્દીનાં મોત




ન્યુ દિલ્હી,
ભારતમાં પૂર ઝડપે ફેલાતા કોરોના વાયરસનું સંક્રમણ કાબુમાં આવતું જોવા મળી રહ્યું છે. સમગ્ર વિશ્વમાં કોરોના વાયરસના સૌથી વધારે કેસ ધરાવતા દેશોની યાદીમાં ભારત દેશ બીજા સ્થાન પર છે. જો કે, છેલ્લા કેટલાક દિવસોથી કોરોનાના નવા નોંધાતા કેસમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા પ્રમાણે શુક્રવારના રોજ છેલ્લા ૨૪ કલાક દરમિયાન નવા ૪૭૬૩૮ કેસ નોંધાયા છે. આ સાથે જ સંક્રમિતોની કુલ સંખ્યા ૮૪૧૧૭૨૪ સુધી પહોંચી ગઈ છે.

સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા દરમિયાન દેશમાં કોરોના વાયરસના એક્ટિવ કેસમાં સતત ઘટાડો નોંધાઈ રહ્યો છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૫૪૧૫૭ દર્દીઓ કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ્ય થઈ ગયા છે. દેશમાં રિકવરી રેટ પણ સતત વધી રહ્યો છે જે રાહતની વાત છે. આ સાથે જ આ આંકડો વધીને ૭૭૬૫૯૬૬ સુધી પહોંચી ગયો છે. જેનાથી સ્પષ્ટ થાય છે કે દેશભરમાં કોરોના વાયરસના એક્ટિવ કેસનો આંકડો ૫૨૦૭૭૩ સુધી પહોંચ્યો છે.

છેલ્લા ૨૪ કલાક દરમિયાન દેશમાં ૬૭૦ લોકોએ કોરોના સંક્રમણને કારણે અંતિમ શ્વાસ ભર્યા છે. આ સાથે જ કોરોના સંક્રમણના કારણે મૃત્યુ પામનાર દર્દીઓનો આંકડો વધીને ૧૨૪૯૮૫ સુધી પહોંચી ગયો છે. જો કે, એક સારી બાબત એ પણ છે કે ભારતમાં ધીમે ધીમે કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ્ય થનારા લોકોની સંખ્યા પણ વધી રહી છે. જેને કારણે ભારતમાં હવે કોરોના વાયરસનો રિકવરી રેટ સામાન્ય વધારા બાદ ૯૨.૩૨ ટકા સુધી પહોંચ્યો છે.

દુનિયાભરમાં કોરોના વાયરસના અત્યાર સુધીમાં ૪૮૬૪૮૫૬૮ કેસ નોંધાઈ ચૂક્યા છે. જેમાંથી ૧૨૩૨૮૮૪ લોકોના મોત નિપજ્યા છે જ્યારે ૩૨૧૮૯૯૩૨ લોકો સ્વસ્થ્ય થવામાં સફળ થયા છે. સમગ્ર દુનિયામાં અત્યારે ૧૫૨૨૫૭૫૨ કેસ એક્ટિવ છે. સતત વધી રહેલા કેસના કારણે દુનિયામાં સૌથી વધારે કેસ ધરાવતા દેશોની યાદીમાં પહેલા સ્થાન પર અમેરિકા, બીજા સ્થાન પર ભારત, ત્રીજા સ્થાન પર બ્રાઝીલ અને ચોથા સ્થાન પર રશિયા છે.

## દૈનિક રાશીફળ

**તા.૦૭.૧૧.૨૦૨૦ શનિવાર**

મેષ(અ.લ.ઈ.):-માનસિક ચિંતા હળવી બને. વાહન-મકાનની ખરીદી થાય. સુખ ઉત્તમ મળે. કુટુંબમાં શુભ પ્રસંગ આવે.
વૃષભ(બ.વ.ઉ.):-શારીરિક સુખ, ઉત્તમ, સંતાનસુખ સારું મળે. બુદ્ધિ-વિવેકથી કાર્યમાં સફળતા પ્રાપ્ત કરી શકશો.
મિથુન(ક.છ.ઘ.):-નોકરીમાં લાભ, શેર બજારથી લાભ થાય, વિવાહ-લગ્ન સંબંધી શુભ સમય. આનંદ-ઉત્સાહમાં વધારો થાય.
કર્ક(ડ.હ.):-વાહન-મકાન સુખ ઉત્તમ, ભાગ્યોદય ઉત્તમ, નોકરી-ધંધામાં પ્રગતિ થાય. કુટુંબિક વાતાવરણ સુમેળ ભર્યુ બને.
સિંહ(મ.ટ.):-ધંધાનું આયોજન, સફળ બને. કુટુંબ સુખ ઉત્તમ વિવાહ-લગ્ન સંબંધી શુભ સમય. જમીન ખરીદી થઈ શકે.
કન્યા(પ.ઠ.ણ.):-કુટુંબનો સહકાર મળે. વિવાહ લગ્ન સંબંધિ શુભ સમય, શુભ સમાચાર મળે. સામાજિક જવાબદારીમાં વધારો થાય.
તુલા(ર.ત.):-જમીન-વાહન-મકાનનો યોગ. નાણાંકીય સ્થિતિ ઉત્તમ બને. આરોગ્ય સુખાકારી ઉત્તમ રહે.
વૃશ્ચિક(ન.ય.):-ધાર્મિક યાત્રા-પ્રવાસનો યોગ, કુટુંબ સુખ ઉત્તમ મળે. નોકરીમાં લાભ થાય. ધંધાકીય નવું રોકાણ શક્ય બને.
ધન(ભ.ધ.ફ.ઢ.):-રોજગારીની નવી તકો મળે. માનસિક ચિંતા હલવી બને. આકસ્મિક ધનલાભ. વાહન સુખ ઉત્તમ.
મકર(ખ.જ.):-ધંધાનું આયોજન સફળ બને. શુભ સમાચાર મળે. સંતાનસુખ ઉત્તમ મળે. નાણાંકીય દૂર થાય.
કુંભ(ગ.શ.સ.):-કુટુંબ સુખમાં વધારો થાય. શુભ સમાચાર મળે. નોકીર-ધંધામાં પ્રગતિ થઆય. આવકમાં વધારો થાય.
મીન(દ.ચ.ઝ.):-કુટુંબ તરફથી શુભ સમાચાર મળે. શેરબજારથી લાભ. વિવાહ - લગ્ન સંબંધી ઉત્તમ સમય.

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

## તાલુકા વિકાસ અધિકારી દ્વારા જ વિકાસમાં આડા રોળા

# સોમવારે ગોધરા તાલુકા પંચાયતના તાલુકા વિકાસ અધિકારીની જોહુકમી ના વિરોધમાં ભુખ હડતાળ



- સરકારની યોજનાઓ પ્રમાણે કામગીરી પૂર્ણ કરવા છતાં ચુકવણા કરવામાં મનમાની.
- લાખો રૂપીયાના બિલ બાકી હોવા છતાં મનમાની કરીને ચુકવાતા નથી.
- બિલો અટકાવવાની ટી.ડી.ઓ. સામે સરપંચોની તથા સભ્યોનો વિરોધ.
- અવારનવાર રજુઆત કરવા છતાં ટી.ડી.ઓ. દ્વાર મનમાની કરાઈ રહી છે.
- મનમાનીના વિરોધમાં અને ગ્રામ્ય વિસ્તારનો વિકાસ રૂંધાતા સરપંચો સોમવારથી ભૂખ હડતાળ ઉપર ઉતરશે.
- એકસૂરે ટી.ડી.ઓ.ને બદલી કરવાની માંગ સાથે સામૂહિક પ્રદર્શન યોજશે.

ગોધરા,

ગોધરા તાલુકા પંચાયતના બામરોલી ખુદ પંચાયત સહીતના અન્ય વિસ્તારોના સરપંચોને વિકાસના કામોની કામગીરીની સરખામણીમાં નિયમીતપણે બિલો મંજુર કરવામાં તાલુકા વિકાસ અધિકારી દ્વારા મનમાની કરવામાં આવી રહી હોવાથી તેઓના વિરુદ્ધમાં સરપંચો એ બાંયો ચઢાવી છે. લાખો રૂપીયાના કામો કરવા છતાં કોઈ ને કોઈ કારણોસર બિલો અટકાવવામાં આવતાં વિકાસ રૂંધાઈ રહ્યો હોવાથી આગામી સોમવારથી સરપંચો તથા ચુંટાયેલા સભ્યો દ્વારા ભૂખ હડતાળ પર જોડાનાર છે.

ગોધરા તાલુકાની બામરોલીખુદ ગ્રુપ ગ્રામપંચાયતના સરપંચ રમણભાઈ ચંદુભાઈ બારીઆ ચાર વર્ષથી નિષ્ઠાપૂર્વક અને પ્રમાણિકપણે સેવા આપે છે. ગ્રામપંચાયતના વિકાસ માટે તાલુકા પંચાયત ગોધરા દ્વારા તા.૨૯/૦૯/૨૦૨૦ થી બામરોલી ખુર્દ ગામે કાલીયાકુવા રાજેન્દ્રભાઈ રવાભાઈના ઘર થી અભેસિંહ ફ. નો એપ્રોચ રોડ અંદાજીત રકમ રૂા.૧.૦૦ લાખ તથા તા. ૨૮ ૯/ ૨૦૨૦ થી કાલીયાકુવા ગામે હરીજન ઉદેસિંહ ગજાભાઈના ફ. સી.સી. રોડ માટે રકમ રૂા. ૧.૦૦ લાખ તથા બામરોલી ખુર્દ ગામે મોહનભાઈ ફતાભાઈ ના ઘરથી સાલમભાઈ ના ઘર તરફ નું કામ રૂા. ૧.૦૦ ને સરકારની વિવિધ યોજનામાંથી ગામના વિકાસ માટે મંજુર કરેલ છે. અને વર્કઓર્ડર આપેલ છે.

આ કામો એસ્ટીમેટ તેમજ પ્લાન મુજબ ગ્રામપંચાયતે કામ કરેલ છે તેના માટે તાલુકા પંચાયત, ગોધરામાં કામના નાણાંની ચુકવણી ના બિલો માટે જરૂરી દસ્તાવેજ સાથે તાલુકા પંચાયતમાં બાંધકામ શાખામાં આપેલ છે.

તાલુકા પંચાયતના એ.ઓ એ સ્થળ પર આવી જરૂરી એસ્ટીમેટ અને પ્લાન મુજબ કામની – ચકાસણી કરીને એમ.બી રેર્કડ કરેલ છે. ત્યારબાદ ડે.ઈજનેરએ કામને કમ્પલીશન સર્ટીફીકેટ (સી.સી.) આપેલ છે.

તમામ કામો નિયમાનુસાર થયેલ હોવા છતાંપણ તાલુકા વિકાસ અધિકારીને સંતોષ ન થતા તેમણે સ્થળ ઉપર તપારા કરી અને આજુ બાજુના લોકોના નિવેદનો પણ લીધેલા છે અને તમામ કામો નિયમ મુજબના છે . તેમ છતાંપણ કામ ના બિલો માટે તાલુકા વિકાસા અધિકારીએ બિલોની ચુકવણી કરેલ નથી. જેના કારણે દિવાળીના સમયમાં મજુરો તેમજ સિમેન્ટ, કપચી, રેતી આપનારના બિલો ચુકવાયેલ નથી. અને સદર મજુરો અને દુકાનદારો દ્વારા અમારી પાસે નાણાંની ઉઘરાણી કરવામાં આવેલ છે. જોકે, આ કામગીરી કરવા છતાં ટી.ડી.ઓ. દ્વારા મનમાની કરીને બિલો મંજુર કરવામાં નહીં આવતા આ ટી.ડી.ઓ.ના જોહુકમી તથા કાર્ય પદ્ધતિ સામે વિરોધ દર્શાવવાનું નક્કી કરવામાં આવ્યું છે.

### TDO એ જીદ પકડી

તા.૦૫/૧૧/૨૦ના રોજ આ પ્રશ્ને રજુઆત કરતા ટી.ડી.ઓ. એ જણાવ્યું હતું કે ફાઈલ જીલ્લામાં મોકલાયેલ છે. ત્યારબાદ આ બાબતે ડે.ડી.ડી.ઓ. રાઠવાને રજુઆત કરાતા આવી કોઈ ફાઈલ અમોને રજુ નહીં થઈ હોવાનું જણાવ્યું હતું. પછીથી આ બાબતે ચર્ચા કરવા છતાં પણ પૂનઃ ટી.ડી.ઓ.એ સ્થળ ઉપર જવાની જીદ પકડીને તમામ ચકાસણી કરીને તમામ કામો નિયમોનુસાર અને પ્લાન એસ્ટીમેન્ટ મુજબ થયેલા છે.

### પ્રતિષ્ઠાને નુકશાન



મારી કામગીરી સારી છે. વારંવાર ક્ષતિઓ કાઢીને હેરાનગતિ કરીને મારી આબરૂને નુકશાન પહોંચાડયું છે. તમામ કામો નિયમોનુસાર પ્લાન એસ્ટીમેન્ટ મુજબ કરેલ હોવા છતાં ગામમાં એક જ કામની વારંવાર તપાસ થવાના કારણે સરપંચ તરીકે મારી પ્રતિષ્ઠાને ખૂબ નુકશાન પહોંચેલ છે. મારા મતદારોમાં પણ ખોટી છાપ પડેલ છે. મારી સરપંચની સારી પ્રતિષ્ઠાને ખૂબ નુકશાન થયેલ છે. આ ગામની પ્રતિષ્ઠાને નુકશાન થતાં ખૂબ આધાત લાગે છે.

: સરપંચ રમણભાઈ પટેલ :

### TDOની મનમાની નહીં ચાલે



જયારથી હેતલબેન ટી.ડી.ઓ. તરીકે નિમણૂંક પામ્યા છે. ત્યારથી આખા તાલુકાના સાથી સભ્યો તથા સરપંચોમાં ભારે નારાજગી છે. અવારનવાર કોઈ ને કોઈ કારણોસર તથા યોજનાકીય બાબતોને સરપંચો સાથે પરામર્શ કર્યા વિના બારોબાર થોભી દઈને પોતાનું લક્ષ્યાંક સિદ્ધ કરવાના નો સરપંચો પણ વિરોધ કરી રહ્યા છે. અત્યાર સુધી વિવિધ યોજનાને જે કઈ ગ્રાન્ટ મંજુર કરાઈ છે. તેની સરખામણીમાં ગ્રાન્ટ અપાતી નથી. જેના કારણે ગ્રામ્ય વિસ્તારોમાં વિકાસ રુંધાઈ રહ્યો છે. વિકાસના કામને વેગ આપવાને બદલે ગુંચવાડો કરાઈ રહ્યો છે. વિકાસના કામ પૂર્ણ કરવા તથા બિલ મંજુર કરવાને બદલે ટી.ડી.ઓ. મનસ્વી વલણ અપનાવી રહ્યા હોવાથી સોમવારથી સરપંચો તથા ચુંટાયેલા સભ્યો ભૂખ હડતાળ પર જનાર છે.

: અરવિંદસિંહ, ઉપપ્રમુખ, ગોધરા તાલુકા :

## ગોધરાના મોર્યા ગામે રહેતી મહિલાને શારીરિક માનસીક ત્રાસ આપતાં સાસરીયા વિરૂદ્ધ ફરિયાદ

ગોધરા,

ગોધરા તાલુકાના મોર્યા ગામની મહિલાના લગ્ન ૨૦૦૫ના વર્ષમાં વાવડી ખુર્દ ગામે થયેલ હતા. લગ્નગાળામાં પુત્રીનો જન્મ થયો હતો. બાદમાં મહિલા અન્ય સંતાન નહિ થતાં પતિ અને સાસુ, સસરા દ્વારા મારઝુડ અને શારીરિક માનસીક ત્રાસ આપતાં પિયરમાં રહેતા હોય અને સાસરીયાઓ દ્વારા કોઈ નિરાકરણ નહિ લાવતાં ન્યાનની આશા એ મહિલા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી.

વિસ્તૃત વિગતો પ્રમાણે ગોધરા તાલુકાના મોર્યા ગામે હાલ પિયરમાં રહેતા વર્ષાબેન ડાહ્યાભાઈ પરમારના લગ્ન સમાજના રીતિરિવાજ પ્રમાણે ૨૦૦૫માં વાવડી ખુર્દ ગામે રહેતા વિજયશભાઈ વણકર સાથે થયા હતા. લગ્નના શરૂઆતનો સમયગાળો સુખમય પસાર થયો હતો અને સંતાનમાં દિકરીનો જન્મ થયો હતો. દિકરીના જન્મ બાદ અન્ય સંતાન નહિ થતાં સાસુ, સસરા અને પતિ દ્વારા પુત્રના જન્મ માટે અવાર–નવાર શારીરિક માનસીક ત્રાસ આપતા હતા અને સાસુ, સસરા મારા પતિને ચઢામણી કરી વર્ષાને કાઢી મૂકતને બીજી બૈરી કરવાની છે. તેમ કહેતા પતિ દ્વારા વર્ષાબેનને ત્રાસ આપવાનું શરૂ કરતાં વર્ષાબેન કંટાળી પોતાના પિયરમાં રહેવા આવ્યા હતા. ત્યારબાદ વર્ષાબેનને પરત લાવવા માટે સાસરીયાઓ દ્વારા નિરાકરણ નહિ લાવતાં આખરે ન્યાયની આશા સાથે પરણિતાએ ગોધરા મહિલા પોલીસ મથકે સાસુ, સસરા અને પતિ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

## ગોધરા તાલુકાના કલ્યાણા ગામની ૨૦ વર્ષીય યુવતિ કહ્યા વગર ચાલી જતાં ફરિયાદ

ગોધરા,

ગોધરા તાલુકાના કલ્યાણા ગામે રહેતી ૨૦ વર્ષીય યુવતિ વહેલી સવારે કોઈને કહ્યા વગર કયાંક ચાલી જતાં આ બાબતે કાંકણપુર પોલસી મથકે ફરિયાદ નોંધાઈ.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા તાલુકાના કલ્યાણા ગામે રહેતા હંસાબેન શંકરસિંહ ચૌહાણ ઉ.વ.૨૦ પોતાના ઘરે થી ૨ નવેમ્બરના રોજ વહેલી સવારે ૫ વાગ્યાના સમયે ઘરમાં કહ્યા વગર કયાંક ચાલી ગયેલ છે.આ બાબતે કાંકણપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## ગોધરાના ગોન્દ્રા વિસ્તારના કપચી-મેટલના મટીરીયલ સપ્લાયર પાસેથી મીટીરીયલ મંગાવી ૧૫.૪૪ લાખ નહિ ચુકવતા અમદાવાદના આરોપીને સાયબર ક્રાઈમે ઝડપ્યો

ગોધરા,

ગોધરા શહેર ગોન્દ્રા વિસ્તારમાં રહેતા અને કપચી–મેટલ મટીરીયલના સપ્લાયર સાથે અમદાવાદનો ઈસમ વેબસાઈટ ઉપરથી મોબાઈલ નંબર મેળવી સંપર્કમાં આવ્યો હતો. અને સોશ્યલ મીડીયાની માધ્યમથી ભાવ તાલ નકકી કરી મટીરીયલ મંગાવી સસ્તા ભાવે વેચી નાખ્યું હતું અને બાકી નિકળતા ૧૫.૪૪ લાખ રૂપીયા ચુકવ્યા ન હતા. આ બાબતે કાંકણપુર પોલીસ મથકે છેતરપિંડીની ફરિયાદ નોંધાઈ હતી. આ ફરિયાદની તપાસ સાયબર ક્રાઈમે કરી આરોપીને ઝડપી પાડવામાં આવ્યો.



પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા શહેર ગોન્દ્રા વિસ્તારમાં રહેતા મોહસીન અબ્દુલ રઝાક ઘંત્યા કપચી, મેટલ મટીરીયલના સપ્લાયર છે. તેઓ પાસેથી અમદાવાદના મહેશભાઈ પટેલ એ દોઢ મહિનાના સમયગાળામાં વેબસાઈટ ઉપરથી મોહસીન ઘંત્યાનો મોબાઈલ નંબર મેળવી સોશ્યલ મીડીયાના માધ્યમથી કપચી–મેટલ સહિતના મટીરીયલના ભાવ તાલ નકકી કર્યા હતા અને ૬૬ ગાડી કપચી, ગ્રીટ અને ડસ્ટ મીટીરીયલ મંગાવ્યું હતું અને ઓછા ભાવે ગ્રાહકોને વેચ્યું હતું. જયારે તમામ મટીરીયલના બાકી નિકળતા ૧૫.૪૪ લાખ રૂપીયા ચુકવ્યા ન હતા. જેને લઈ મહેર પટેલ વિરૂદ્ધ કાંકણપુર પોલીસ મથકે છેતરપિંડીની ફરિયાદ નોંધાઈ હતી. આ ગુનાની તપાસ સાયબર ક્રાઈમને સોંપવામાં આવી હતી. ગોધરા સાયબર ક્રાઈમ દ્વારા આરોપી મહેશ પટેલની મહુધા ખાતેથી ધરપકડ કરવામાં આવી હતી. પોલીસ દ્વારા ધરપકડ કરવામાં આવેલ આરોપી મહેશ પટેલની પુછપરછ દરમ્યાન જણાવ્યું હતું કે, તે દલાલીનો ધંધો કરતો હોય પરંતુ ધંધામાં ખોટ જતાં અમદાવાદ છોડીને મહુધા રહેવા આવ્યા હતો અને મહુધા ખાતે રહેતા મુન્ના અખ્તર તેમજ સરકારી કામોમાં મીટીરીયલ પુરૂ પાડતા ઈમ્તીયાઝ હુસેન બશીરખાન શેખ સાથે મળીને ગોધરા ખાતે રહેતા મોહસીન ઘંત્યા પાસેથી મટીરીયલ મંગાવી નાણા નહિ ચુકવીને છેતરપિંડી કર્યાની કબુલાત કરી આ ગુનામાં અન્ય બે આરોપી મુન્ના અખ્તર, ઈમ્તીયાઝ હુસેન શેખને વોન્ટેડ જાહેર કરી ધરપકડ કરવાની તજવીજ હાથ ધરી છે.

## બીજા દિવસે ઈન્કમટેકસની રેડ દરમ્યાન

# ગોધરા તથા વેજલપુરના વેપારીઓના એક જ દિવસમાં ૧૫૦ બેંક લોકર સીઝ



- કયા વેપારીએ કેટલી લોન લીધી છે. તેની માહિતી મેળવી.
- ૧૫ ઝેરોક્ષ મશીનનો તથા ૨૫ પ્રિન્ટર અને ૫ નોટો ગણતરી યંત્ર નો ઉપયોગ.
- બીજા દિવસે પણ મોડી રાત સુધી વેપારીઓને ત્યાં કાળું નાણું પકડવા માટેની કવાયત.
- બેંક એકાઉન્ટ તથા લોકરોની પણ તપાસણી કરવામાં અધિકારીઓ જોતરાયા.
- બીજા દિવસે પણ અધિકારીઓનો ફેરો ફોગટ : આંકડો અસ્પષ્ટ.
- સર્વે કામગીરી દરમ્યાન બેહિસાબી આવક મેળવવા માટે અધિકારીઓના ખાંખાખોળાં.

ગોધરા,

ગુરૂવારે ગોધરા અને વેજલપુર માં આવકવેરા વિભાગ દ્વારા પાડવામાં આવેલા સામુહિક દરોડા બાદ બીજા દિવસે પણ આવકવેરા વિભાગનો સર્વે જારી રહેતા લાખ્ખો રૂપિયાનું બિનહિસાબી નાણું બહાર આવવાની શકયતાઓ રહેલી છે. આવકવેરા વિભાગ ની ટીમે અમુક બેંકોમાં લોકરો અને બેંક એકાઉન્ટની પણ તપાસણી હાથ ધરી હોવાનું જાણવા મળી રહ્યું છે. તેમ છતાં મોડી રાત સુધી બેહિસાબોની આંકડાની ગણતરી કરવામાં અધિકારીઓ જાગરણ કરી રહ્યા છે.

ગોધરા વેજલપુર સહીત ૩૫ થી વધુ સ્થળો પર એક સાથે ગુરૂવારની વહેલી સવારે આવકવેરા વિભાગની ટીમોએ બિલ્ડરો વેપારીઓ અને બીજા ધંધાર્થીઓને ત્યાં સામુહિક દરોડા પાડી સર્વેની કામગીરી હાથ ધરતા વેપારીઓ અને બિલ્ડરોમાં ભારે ફફડાટ ફેલાયો હતો. જે સર્વે બીજા દિવસ શુક્રવારે પણ જારી રહેતા લાખ્ખો રૂપિયા નું બિનહિસાબી નાણું બહાર આવવાની શકયતાઓ છે.આવકવેરા વિભાગની અલગ અલગ ટીમોએ દરોડાના સ્થળો પર લેવડદેવડ ના વ્યવહારો સહીત બેંક એકાઉન્ટ અને લોકરોની તપાસ પણ હાથ ધરી હોવાનું કહેવાય છે.શહેરમાં બીજા દિવસે પણ આવકવેરા વિભાગ નો સર્વે જારી રહેતા કેટલાક મોટા વેપારીઓ એ દુકાનો બંધ રાખી હતી આવકવેરા વિભાગ ના દરોડા દરમ્યાન કોની પાસેથી કેટલું બિનહિસાબી નાણું બહાર આવે છે.તેને લઈ ભારે ચર્ચાએ જોર પકડયું છે.આવકવેરા વિભાગ ના દરોડા દરમ્યાન તપાસ ટીમને એક બિલ્ડર ઘર નહીં મળી આવતા તેનો સંપર્ક કરી બોલાવવામાં આવ્યો અને ત્યારબાદ સર્વે હાથ ધરાયો હોવાનું સૂત્રો તરફ થી જાણવા મળી મળી રહ્યું છે.અચાનક દિવાળી પુર્વે આવકવેરા વિભાગે સપાટો બોલાવતા ટેક્સચોરી કરનારાઓ માં ભારે ફફડાટ ફેલાયેલો છે. છેલ્લા કેટલાક સમયથી બે નંબરી આવક ધરાવનાર ફાયનાન્સર, ઓટોમોબાઈલ્સ કન્સનટન્ટ, ગારમેન્ટના વેપારી, ખાદ્ય તેલના ઉત્પાદકો સહિતના વેપારીઓને ત્યાં વહેલી સવારથી જ ઈન્કટેકસના ૧૫ જેટલી ટીમો એ દરોડો પાડીને તેઓની ઉંઘ હરામ કરીને તેઓના આવક જાવકના બિલોની ચકાસણી હાથ ધરી હતી. મોડી રાત સુધી કામગીરી કાર્યરત હોવા છતાં સ્પષ્ટ આંકડો જાહેર થઈ શકયો ન હતો. પરંતુ એક જાણકારી પ્રમાણે એક જ દિવસમાં આ ૨૦ જેટલા બેહિસાબી કાળું નાણું ધરાવનાર વેપારીઓના ત્યાં મેળવેલ દસ્તાવેજો તથા લોકરની જાણકારી મુજબ ૧૫૦ જેટલા લોકર સીઝ કર્યા હતા. ૧૫ જેટલા ઝેરોક્ષ મશીનનો ઉપયોગ કરાઈ રહ્યો છે. ૨૫ પ્રિન્ટરોનો ઉપયોગ તથા ૫ નોટો ગણવાના મશીનો લેવામાં આવ્યો હતો. દરમ્યાન કેટલાક અધિકારીઓએ જીલ્લા ઉદ્યોગ કેન્દ્રોની મુલાકાત લઈને આવા વેપારીઓએ કયાં કયાં બોગસ લોનો મેળવીને આર્થિક સહાય મેળવી છે. તેની તલસ્પર્શી તપાસ અભિયાન છેક મોડી રાત સુધી ચાલુ રહ્યું હતું. લાંબા સમય બાદ અને દિવાળી પર્વ પૂર્વે એકાએક વડોદરા ઈન્કમટેકસ વિભાગ દ્વારા હાથ ધરવામાં આવેલ આર્થિક સર્વેની પગલે બીજા દિવસે પણ વેપારીઓએ પોતાન શટરો બંધ કરીને ભૂગર્ભમાં ચાલી ગયા હતા. જેમાં જાણવા મુજબ ફરસાણના મોટા વેપારીઓ પણ સમાવેશ થાય છે. જોકે આગામી સમયમાં અન્ય ક્ષેત્રોમાં કાર્યરત મોટા વેપારીઓને ત્યાં પણ ઈન્કમટેકસ દરોડો પાડયો તો બે હિસાબી આવક ઝડપાય તેમાં શંકાને કોઈ કારણ નથી.

## પંચમહાલ જીલ્લામાં આજે ૦૬ કોરોના પોઝીટીવ કેસ નોંધાતા કુલ આંક ૨૮૨૦ થયો

ગોધરા,

પંચમહાલ જીલ્લામાં કોરોના કહેર યથાવત રહેવા પામ્યો છે. જીલ્લામાં આજરોજ વધુ ૦૬ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યા છે. નવા ૦૬ પોઝીટીવ કેસ સાથે પોઝીટીવ કેસ નોંધાવા પામ્યો છે. તેમાં ગોધરા–૦૬ કેસ નોંધાવા પામ્યો છે. જીલ્લામાં કોરોના પોઝીટીવ કેસ નોંધાઈ રહ્યા છે. તેવા વિસ્તારોમાં આરોગ્ય વિભાગ દ્વારા સેમ્પલ લેવાની તેમજ સર્વેની

- ૦૬ દર્દી સાજા થતાં રજા અપાઈ.
- એકટીવ કેસ ૮૭.
- મૃત્યુ આંક - ૧૨૧.

અત્યાર સુધીનો કુલ આંક ૨૮૨૦ થવા પામ્યો છે.

પંચમહાલ જીલ્લામાં કોરોના એ ભરડો લીધો હોય તેવી સ્થિતી નિર્માણ થઈ છે. જીલ્લામાં વધતો જતાં કોરોના પોઝીટીવ આંક ચિંતાનો વિષય બન્યો છે. પંચમહાલ જીલ્લામાં વધુ ૦૬ કામગીરીમાં ગતિ લાવવામાં આવી છે. પંચમહાલ જીલ્લામાં વધતા કોરોના પોઝીટીવ કેસને લઈ જીલ્લા વહીવટી તંત્ર અને આરોગ્ય તંત્ર સર્તક બન્યું છે. પોઝીટીવ કેસ નોંધાયા તેવા વિસ્તારોમાં હોમ કોરોન્ટાઈન તેમજ માઈક્રો કન્ટેનમેન્ટ કરવામાં આવ્યા છે.